# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૧૪/૧૨/૨૦૧૮

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ )

---

# જેમ એન્ડ જવેલરી પ્રદર્શન 'સ્પાર્કલ ઇન્ટરનેશનલ ૨૦૧૮'નું ભવ્ય ઉદ્‌ઘાટન

## ચેમ્બર દ્વારા બી ટુ બી ધોરણે યોજાયેલા જેમ એન્ડ જવેલરી પ્રદર્શનનો લાભ ઉદ્યોગ જગતને ચોકકસ થશે : રાજયના કેબીનેટ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવા

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા વાઇબ્રન્ટ ગુજરાત સમીટના ભાગરૂપે તા. ૧૪થી ૧૬ ડિસેમ્બર ૨૦૧૮ દરમિયાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે જેમ એન્ડ જવેલરી પ્રદર્શન 'સ્પાર્કલ ઇન્ટરનેશનલ ૨૦૧૮'નો રાજયના કેબીનેટ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાના વરદ હસ્તે શુભારંભ કરવામાં આવ્યો છે. આજથી ત્રણ દિવસ માટે ચાલનારા સ્પાર્કલ ઈન્ટરનેશનલ ૨૦૧૮ના ઉદ્‌ઘાટન સમારોહમાં અતિથિ વિશેષ તરીકે ઓસ્ટ્રેલીયાના મુંબઇ સ્થિત કોન્સુલ જનરલ હીઝ એકસીલન્સી મિસ્ટર ટોની હુબર ઉપસ્થિત રહયા હતા. ઉધનાના ધારાસભ્ય શ્રી વિવેક પટેલ, સુરત જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર શ્રી ડી.આર. પટેલ, વિનસ જવેલ્સના શ્રી સેવંતીભાઇ શાહ, સુરત ડાયમંડ એસોસિએશનના પ્રમુખ શ્રી બાબુભાઇ ગુજરાથી, જેએમએ ફોરમ મુંબઇના પ્રમુખ શ્રી નિકુંજ શાહ અને સુરત જવેલરી મેન્યુફેકચરીંગ એસોસિએશનના પ્રમુખ શ્રી કલ્પેશ વઘાસિયા પણ સમારોહમાં ખાસ ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ આમંત્રિત મહેમાનોને આવકાર્યા હતા અને પ્રારંભીક ઉદ્‌બોધન કર્યુ હતુ. તેમણે જણાવ્યુ હતુ કે, હીરા ઉદ્યોગને પ્રોત્સાહન મળી રહે એના માટે જેમ એન્ડ જવેલરી પ્રદર્શન સ્પાર્કલ ઇન્ટરનેશનલ ૨૦૧૮નું આયોજન કરવામાં આવે છે. એમાં પણ છેલ્લા બે વર્ષથી બી ટુ બી (બિઝનેસ ટુ

બિઝનેસ) એકઝીબીશન ઉલ્લેખનીય બની રહે છે. સુરતને આંતરરાષ્ટ્રીય કક્ષાએ લઇ જવા માટે બી ટુ બીનો મોટો ફાળો રહેશે.

તેમણે જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૦૯માં ગુજરાત સરકારે ચેમ્બર સાથે ૭૫૦ સ્કવેર ફૂટમાં ૭૨ પાર્ટીસિપેટ્સની સાથે સ્પાર્કલ એકઝીબીશનની શરૂઆત કરી હતી. આજે ૧૫૦૦ સ્કવેર ફૂટમાં ૧૨૫ થી વધુ પાર્ટીસિપેટ્સની સાથે એકઝીબીશન યોજાઇ રહયુ છે. આ એકઝીબીશન જેમ એન્ડ જવેલરી ક્ષેત્રે સુરતની વિશ્વ કક્ષાએ ઓળખ ઉભુ કરી રહયુ છે.

શ્રી મહેતાએ વધુમાં કહયુ હતુ કે, ભારતનો જીડીપી ગ્રોથ સાડા સાતથી આઠ ટકા કરવો હશે તો ગુજરાતનો જીડીપી ગ્રોથ ૧૦થી ૧૧ ટકા આવશ્યક છે અને તે મેળવવું હોય તો સુરતનો જીડીપી ગ્રોથ ૧૩થી ૧૪ ટકા વચ્ચે અનિવાર્ય છે. છેલ્લા દસ વર્ષથી સુરતે ડબલ ડિઝીટથી જીડીપી ગ્રોથ જાળવી રાખ્યો છે. વેપાર–ઉદ્યોગને સાથે રાખીને ચેમ્બર કામ કરી રહયુ છે. રાજયની પ્રગતિમાં પણ ચેમ્બરનું યોગદાન વધી રહયુ છે. એમાં પણ ચેમ્બર દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના યોજાતા એકઝીબીશનનો સિંહફાળો છે. ગુજરાત સરકાર અને ચેમ્બરના આ સંયુકત પ્રયાસમાં ઓફિસ ઓફ ધી ઇન્ડસ્ટ્રીઝ કમિશનર– ઇન્ડેક્ષ્ટબી તથા ઉદ્યોગ વિભાગની સતત મદદ અને પ્રોત્સાહને ખૂબ જ અગત્યનો ફાળો આપેલ છે.

રાજયના ટુરીઝમ, ફોરેસ્ટ, ટ્રાયબલ ડેવલપમેન્ટ અને વુમન એન્ડ ચાઇલ્ડ વેલફેર વિભાગના માનનીય કેબીનેટ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના દુરંદેશી દૃષ્ટીથી ગુજરાતની અંદર છેલ્લા ૧૫ વર્ષથી વાઇબ્રન્ટ સમિટનું આયોજન થાય છે. વાઇબ્રન્ટ ગુજરાતની પૂર્વ તૈયારીના ભાગરૂપે સ્પાર્કલનું આયોજન સફળ રીતે થાય છે. ૧૬૦૦મી સદીથી વેપાર ઉદ્યોગ માટે સુરતનું નામ મોખરે રહયુ છે. આરબ, પોર્ટુગીજ, ડચ અને બ્રિટીશોએ સુરતમાં આવીને ધંધો વિકસાવ્યો હતો. સમગ્ર વિશ્વમાં સુરતના હીરા વેચાય છે. ૧૦માંથી ૮ હીરા સુરતના હોય છે. ડાયમંડ પ્રોસેસિંગનો ભારતનો ૭૨ ટકા હિસ્સો સુરત ધરાવે છે.

મંત્રીશ્રીએ વધુમાં કહયુ હતુ કે, સ્પાર્કલ હવે દેશમાં જાણીતુ થયુ છે. ડાયમંડ વ્યવસાય સાથે સમગ્ર ભારતમાં ૩૫ લાખ કરતા વધારે લોકો જોડાયા છે. ડાયમંડ ઇન્ડસ્ટ્રી મોટી રોજગારી ઉભી કરી આપે છે. દેશભરમાં સુરતનો ડંકો વાગી રહયો છે. આગળ વધવા માટે બ્રાન્ડીગની જરૂર છે. ડાયમંડ બુર્સ ઝડપથી આગળ વધી રહયુ છે અને વિશ્વ કક્ષાનુ દેશનું સૌથી મોટુ માર્કેટ સુરતમાં બનશે, જે મેક ઇન ઇન્ડીયાનુ ઉત્તમ ઉદાહરણ બની રહેશે. બી ટુ બીના ધોરણે યોજાયેલા એકઝીબીશનનો લાભ ઉદ્યોગ જગતને ચોકકસ થશે.

ઓસ્ટ્રેલીયાના મુંબઇ સ્થિત કોન્સુલ જનરલ હીઝ એકસીલન્સી શ્રી ટોની હુબરે સ્પાર્કલ એકઝીબીશનમાં ઉપસ્થિત થવા માટે ચેમ્બરે આપેલી તક માટે આભાર વ્યકત કર્યો હતો. તેમણે કહયુ હતુ કે ચેમ્બર જેમ એન્ડ જવેલરીના પ્રમોશનને યોગ્ય પ્લેટફોર્મ પુરુ પાડી રહયુ છે. સુરત અને ઓસ્ટ્રેલીયા વચ્ચે સારો એવો વ્યાપારીક સંબંધ રહયો છે. ઓસ્ટ્રેલીયાના રફ ડાયમંડની કવોલિટી ખૂબ જ સારી હોય છે. આથી ભારત અને ઓસ્ટ્રેલીયા વચ્ચે રફ ડાયમંડ બાબતે કરાર કરવામાં આવે તેવી આશા તેમણે વ્યકત કરી હતી.

ચેમ્બરના એકઝીબીશન સેલના હેડ શ્રી દેવેશ પટેલે જણાવ્યુ હતુ કે, સ્પાર્કલ ૨૦૧૮ને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સફળ બનાવવા માટે ચેમ્બર દ્વારા ખૂબ જ મહેનત કરવામાં આવી છે. દેશમાં તથા વિદેશમાં સ્પાર્કલના પ્રમોશન માટે રોડ શો કરવામાં આવ્યા હતા. જેના થકી દસ હજારથી વધુ બાયર્સ એકઝીબીશનમાં જોવા મળશે. જેનો સીધો લાભ એકઝીબીશનમાં ભાગ લેનારા મોટા તથા નાના ઉદ્યોગકારોને મળી રહેશે.

વિનસ જવેલ્સના માલિક શ્રી સેવંતીભાઇ શાહે જણાવ્યુ હતુ કે, હાલમાં દેશના માનનીય વડાપ્રધાનશ્રી તેમજ જે તે સમયે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સ્પાર્કલનું સ્વપ્ન જોયુ હતુ. દુનિયાનું સૌથી મોટુ હીરા મેન્યુફેકચરર સુરત હોવા છતાં સુરતમાં એકઝીબીશન કેમ નહીં? એવી લાગણી અને સ્વપ્ન એમનું હતુ. પણ એના માટે જે ઉણપ હતી તે દૂર કરવા માટે પ્રયાસો કરવામાં આવ્યા હતા. સૌપ્રથમ સુરત એરપોર્ટ બનાવવા માટે પ્રયાસ કરવામાં આવ્યા હતા અને હવે હીરા બુર્સનુ કામ ધમધોકાર ચાલી રહયુ છે. ભવિષ્યમાં એવી પરિસ્થિતિ ઉભી થશે કે જેમ એન્ડ જવેલરી પ્રદર્શન એવા સ્પાર્કલમાં ભાગ લેવા માટે લાંબી લાઇન લાગશે.

ચેમ્બરના સ્પાર્કલ ઇન્ટરનેશનલ ૨૦૧૮ના ચેરમેન શ્રી દિનેશ નાવડીયાએ જણાવ્યુ હતુ કે, સ્થાનિક ડાયમંડ મેન્યુફેકચરર્સ અને એમએસએમઇ સેકટરના લોકોને સ્થાનિક માર્કેટ મળી રહે એના માટે ખાસ કરીને બી ટુ બી ધોરણે એકઝીબીશનનું આયોજન કરવામાં આવ્યુ છે. ગતવર્ષે કરવામાં આવેલા પ્રથમ પ્રયાસને મળેલી સફળતા બાદ આ વર્ષે પણ બી ટુ બી ધોરણે એકઝીબીશન યોજાયુ છે. સુરત પહેલા ડાયમંડ મેન્યુફેકચરર્સ તરીકે ઓળખાતુ હતુ પણ હવે ડાયમંડ વીથ જવેલરી મેન્યુફેકચરીંગ માટે પણ પ્રગતિ કરી રહયુ છે. ભવિષ્યમાં સ્પાર્કલની રોનક કઈ અલગ જ રહેશે. પહેલા પોલીશ્ડ ડાયમંડમાં અગ્રેસર હતા પણ ડાયમંડ જવેલરી મેન્યુફેકચરીંગમાં પણ પ્રગતિ કરીશું.

સ્પાર્કલ ઇન્ટરનેશનલ ૨૦૧૮ના ઉદ્દઘાટન સમારોહના અંતે ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી કેતન દેસાઇએ પધારેલા મહેમાનો સહિત તમામનો આભાર વ્યકત કર્યો હતો અને ત્યારબાદ સમારોહનું સમાપન થયુ હતુ.